# આપણી વાત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

- ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ચી. મં. ગ્રંથાલયમાં દર મહિનાની ૧૭મી તારીખે યોજાતા પુસ્તક-પ્રદર્શનમાં આ વખતે મે માસમાં તા. ૧૭થી ૨૫ મે દરમિયાન ડૉ. હરિવલ્લભ ભાયાણીના (૨૬/૫)ના જન્મદિવસ નિમિત્તે ભાષાવિજ્ઞાનનાં પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. મહામંત્રીશ્રી પ્રફુલ્લ રાવલ, ઉપપ્રમુખ શ્રી રાજેન્દ્ર પટેલ, ગ્રંથાલયમંત્રી શ્રી પરીક્ષિતભાઈ, શ્રી ઈતુભાઈ કુરકુટિયા અને લાલુભાની ઉપસ્થિતિ નોંધપાત્ર હતી. આ ઉપરાંત વાચકો, રસ લેતા વિદ્યાર્થીઓ અને સંશોધન કરતા વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લઈને આ પ્રદર્શન પ્રવૃત્તિને વેગ આપ્યો હતો. આ પુસ્તક-પ્રદર્શનનો વાર્ષિક અહેવાલ 'हिम उतरायणी' સામયિકમાં ગ્રંથાલયમંત્રી શ્રી પરીક્ષિત જોશીએ વિગતવાર આપ્યો છે. (પૃ. ૩૮-૩૮)
- ગુજરાતી સાહિત્ય પરિષદમાં તા. ૧૭-૨-૨૦૧૯ના રોજ સાંજે ૬-૦૦ કલાકે તાજેતરમાં વિદેહ થયેલા સર્જકો શ્રી નીરવ પટેલ અને શ્રી દક્ષાબહેન પટ્ટણીને શોકાંજલિ આપવા ગોવર્ધન સ્મૃતિ મંદિર ગુજરાતી સાહિત્ય પરિષદમાં શ્રી સિતાંશુ યશશ્ચંદ્રની અધ્યક્ષતામાં શોકસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી પ્રવીણ પંડ્યા, શ્રી મોહન પરમારે, શ્રી નીરવ પટેલને અને શ્રી મનસુખ સલ્લાએ શ્રી દક્ષાબહેન પટ્ટણીને અને રઘુવીર ચૌધરીએ દક્ષાબહેન પટ્ટણી અને શ્રી નીરવ પટેલને શ્રદ્ધાંજલિ આપી હતી. પરિષદપ્રમુખ શ્રી સિતાંશુ યશશ્ચંદ્રએ બંનેને શોકાંજલિ અર્પણ કરી હતી. સમગ્ર શોકસભાનું સંચાલન પરિષદના મહામંત્રી શ્રી પ્રફુલ્લ રાવલે કર્યું હતું. આ શોકસભામાં શ્રી નીરવ પટેલ અને શ્રી દક્ષાબહેન પટ્ટણીના સ્વજનો તેમજ સાહિત્યપ્રેમી ઉપસ્થિત રહ્યાં હતાં.
- રવીન્દ્રભવન, ગુજરાતી સાહિત્ય પરિષદ અંતર્ગત તા. ૭-૫-૨૦૧૯ના રોજ સાંજે ૬-૦૦ કલાકે રવીન્દ્રનાથના ૧૫૮મા જન્મદિન નિમિત્તે ગોવર્ધન સ્મૃતિ મંદિરમાં 'ધ્વનિમુદ્રિત રવીન્દ્રસંગીતની પ્રસ્તુતિ' શ્રી સુજ્ઞા શાહે કરી હતી.

❈

## જયશંકર 'સુંદરી' અને ગુજરાતી જૂની રંગભૂમિનાં ગીતો વિશે પ્રસ્તુતિ થઈ

ગુજરાતી સાહિત્ય પરિષદ, વડોદરા અનુબંધ અંતર્ગત અને બળવંત પારેખ સેન્ટર ફોર જનરલ સિમેન્ટિક્સ ઍન્ડ અધર હ્યૂમન સાયન્સીઝ, વડોદરાના સંયુક્ત ઉપક્રમે બુધવાર તારીખ ૨૭ માર્ચની સાંજે ૫.૩૦ કલાકે વિશ્વરંગભૂમિ દિવસના ઉપક્રમે વ્યાખ્યાન અને જૂની ગુજરાતી રંગભૂમિનાં ગીતોની પ્રસ્તુતિ થઈ. વ્યાખ્યાનનો વિષય



હતો **'જયશંકર 'સુંદરી' - રંગમંચની એક વિરલ ઘટના'** જેના વક્તા યુવા કવિ અને નાટ્યકાર બ્રિજેશ પંચાલ હતા, જેમણે જયશંકર 'સુંદરી' વિશે જાણીતા અને ન જાણીતા કિસ્સાઓની વહેંચણી કરી હતી.

જૂની રંગભૂમિનાં ગીતોની પ્રસ્તુતિ ડૉ. પૌલિન શાહના સંચાલન હેઠળ, જય મકવાણા, અલ્પા જોષી, બ્રિન્દા ભોજક, રેવંત વ્યાસ દ્વારા થઈ હતી. તબલા ઉપર ડૉ. નિરંજન જયસ્વાલ અને હાર્મોનિયમ પર જ્યોતીન્દ્ર ભટ્ટે સાથ પૂરો પાડ્યો હતો.

કાર્યક્રમના અધ્યક્ષ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ - કવિ શ્રી સિતાંશુ યશશ્ચન્દ્ર અને અતિથિવિશેષના સ્થાને ગુજરાતી તખ્તાના જાણીતા રંગકર્મી શ્રી જગદીશ ભટ્ટ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન જાણીતાં વાર્તાકાર નીતા જોશીએ કર્યું હતું. કાર્યક્રમના અંતે શ્રી સિતાંશુ યશશ્ચન્દ્રએ પોતાની નાટ્યયાત્રા વિશે વાત કરી હતી. કાર્યક્રમમાં જાણીતા સાહિત્યકારો અને કલાકારો ઉપરાંત મોટી સંખ્યામાં કલારસિકો સાથે જયશંકર 'સુંદરી'નાં પુત્ર અને પુત્રી પણ હાજર રહ્યાં હતાં. જયશંકર 'સુંદરી'નાં પુત્રી સુધાબહેન અધ્યાપકે (ચંદ્રબાળાબહેન) લોકો સમક્ષ પોતાના પિતાનાં સંભારણાં વહેંચ્યા હતા. સમગ્ર કાર્યક્રમની માહિતીનું મુદ્રણ જાણીતાં બધાં જ મુદ્રિત અને ડિજિટલ સમાચારપત્રોએ કર્યું હતું.

**— નીતા જોશી**

❑